દિવ્ય ભાસ્કર | અમદાવાદ, સોમવાર ૮ સપ્ટેમ્બર, ૨૦૦૩

# વિસામો કિડસ ફાઉન્ડેશનનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ભાસ્કર ન્યૂઝ, અમદાવાદ, ૭ સપ્ટેમ્બર

વિસામો કિડસ ફાઉન્ડેશન નામની સ્વૈચ્છિક સંસ્થાની પ્રથમ સ્થાપના દિનની ઉજવણી ગત શનિવારે સાંજે દિલ્હી પબ્લિક સ્કૂલ બોપલ ખાતે યોજાઈ હતી.

આ સંસ્થાની સ્થાપના ગરીબી રેખા નીચે જીવતા પરિવારના બાળકોના ભાવિ ઉજ્જવળ બનાવવાના હેતુથી એક વર્ષ અગાઉ થઈ હતી.